# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-07-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ - સૌથી વધુ બોરસદમાં 14 ઇંચ જ્યારે વડોદરા, પાદરા અને તિલકવાડામાં 8 ઇંચ વરસાદ નોંધાયો. વરસાદના લીધે છેલ્લા ચોવીસ કલાકમાં 8 નાં મોત
- હવામાન વિભાગ દ્વારા અમરેલી અને દેવભૂમિ દ્વારકા તથા દક્ષિણ ગુજરાતમાં આવતીકાલે ભારે વરસાદની આગાહી
- ગુજરાતમાંથી 64 હજાર કરોડ રૂપિયાના કરવેરા દ્વારા અંદાજે 33 ટકા વેરા ચુકવાયા – આવકવેરા દિવસ નિમિત્તે સૌથી વધુ કરવેરા ચુકવનારનું બહુમાન કરાયું.
- રેલવે મંત્રાલય દ્વારા રાજ્યનાં 87 સ્ટેશનનો અમૃત સ્ટેશન તરીકે વિકાસ કરાશે.

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAIN

રાજ્યભરમાં આજે સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાત બાદ હવે મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં વ્યાપક વરસાદ નોંધાયો છે. આણંદ જિલ્લાના બોરસદમાં 14 ઇંચ જેટલો વરસાદ ખાબકતાં જળબંબાકાર થયું હતું. જિલ્લાના ખંભાત, તારાપુર,  અંકલાવમાં પણ ભારે વરસાદ થયાના અહેવાલ છે. વ્યાપક વરસાદને પગલે રાજ્યની નદીઓ, ડેમો છલકાયાં છે. વરસાદનાં લીધે ઠેર ઠેર પાણી ભરાતાં માર્ગ વ્યવહાર ખોરવાયો છે. વડોદરા ડિવિઝનમાં રેલવે ટ્રેક પર પાણી ભરાતાં વડોદરા-જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેન  રદ્દ થઇ છે. જ્યારે કેટલીક ટ્રેન શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી છે.

------------------

# RAIN DISTRICT

છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી નજીકથી પસાર થતી અશ્વિન નદી મોસમમાં પહેલી વાર બે કાંઠે વહેતી થઈ છે.

નવસારીમાં 30 જેટલા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ડાંગમાં અંબિકા નદીનો ગીરાધોધ ખાતે આવેલા ગીરાધોધમાં પણ વરસાદી પાણીના કારણે રમણીય નજારો જોવા મળ્યો છે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે વરસાદનું જોર યથાવત્ રહ્યું છે. ભરૂચમાં વરસાદી પાણી વચ્ચે ફસાયેલા એક યુવકને પોલીસના જવાનોએ બચાવી

લીધો હતો. જિલ્લામાં આમોદની સરકારી કોર્ટકચેરીથી આમોદ ગામ તરફ઼ આવતો માર્ગ બંધ થઈ ગયો હતો. નેત્રંગ તાલુકામાં મોસમનો અત્યાર સુધીમાં સરેરાશ 36 ઈંચથી વધુ વરસાદ ખાબકતા નદીઓ બંને કાંઠે વહી રહી છે.

**(વોઈસકાસ્ટ – વાહીદ મશહદી, ભરૂચ પ્રતિનિધિ)**

સુરતની કીમ નદીમાં પાણીની આવક થતાં નદી કાંઠાના 26 ગામને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

**(વોઈસકાસ્ટ – લોપા દરબાર, સુરત પ્રતિનિધિ)**

તાપીમાં ધોધમાર વરસાદના કારણે 87 માર્ગ બંધ થઈ જતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે.

નર્મદામાં છેલ્લા 24 કલાકમાં પોણા 21 ઈંચ વરસાદ ખાબકતા પાંચેય તાલુકામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી..

પોરબંદરમાં પૂરના પાણીના કારણે અનેક ઘરનો સંપર્ક તૂટી ગયો છે. તેમ જ NDRFની એક ટુકડી રાહત-સામગ્રીના વિતરણ માટે બપોરે કડાચ ગામ પહોંચી હતી. સ્ટેટ એમરજન્સી ઑપરેશન સેન્ટર ગાંધીનગરના જણાવ્યા મુજબ, NDRFની એક ટુકડી જરોદ બટાલિયન હેડક્વાર્ટરથી વડોદરા જવા માટે ફ્લડ વૉટર રેસ્ક્યૂ (FWR) ડ્યુટી માટે રવાના થઈ હતી.

દેવભૂમિદ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકામાં લાડવા સીમ વિસ્તારમાં પાણીમાં ફસાયેલા 10 લોકોને સ્થાનિક વહીવટી તંત્રએ બચાવી સલામત સ્થળે ખસેડ્યા હતા. દ્વારકા તાલુકાની આસપાસના ગામડામાં વરસાદે ભારે તારાજી સર્જી છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં દરિયાકાંઠે 12થી 15 ફૂટ ઊંચાં મોજા જોવા ઉછળ્યા હતા. દરિયામાં મોજા જોવા માટે સહેલાણીઓની ભીડ હતી. મોટી ભરતી ના કારણે નમો પથ ઉપર ટાઇલ્સ તૂટી ગયા હતા અને દરિયા ના પાણી સાથે રેતી પણ રોડ

ઉપર જોવા મળી હતી. દમણ પ્રશાસનની ટીમ રોડથી રેતી કાઢવા જોવા મળી હતી.પોલીસ વિભાગ પણ પેટ્રોલિંગ કરી હતી જેથી દરિયામાં કોઈ ઉતરે નથી.

પોરબંદરમાં જિલ્લા વહીવટી તંત્રએ આજે 28 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કર્યું હતું. અત્યાર સુધીમાં કુલ એક હજાર 526 લોકોને સ્થળાંતરિત કરાયા છે.

------------------

## SEOC BETHAK

સૌરાષ્ટ્રના 2 અને દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લામાં આવતીકાલે વરસાદનું રેલ અલર્ટ જાહેર કરાયું છે. રાહત કમિશનર આલોક પાંડેએ માહિતી આપતા જણાવ્યું કે, રાજ્યમાં અત્યાર સુધી મોસમનો 51 ટકા વરસાદ વરસ્યો છે. અત્યાર સુધી 73 તાલુકામાં 20 ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. શ્રી પાંડેએ જણાવ્યું કે, સરદાર સરોવર ડેમ 54 ટકા ભરાઈ ગયો છે. જ્યારે રાજ્યના કુલ 206 ડેમમાંથી 46 ડેમ ઑવરફ્લો થઈ જતાં 51 ડેમ હાઈઅલર્ટ પર રખાયા છે.

શ્રી પાંડેએ જણાવ્યું કે, સુરત લુહાર ગામમાં આજે એરલીફ્ટ કરવા સુચના અપાઈ છે. તો વરસાદ ઘટ્યા બાદ સરવે હાથ ધરાશે.

**(બાઈટ - રાહત કમિશનર આલોક પાંડે )**

------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## CM INCOME TAX DAY

આવકવેરા દિવસ નિમિત્તે રાજ્યના અગ્રણી કરદાતાઓનું સન્માન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે 165મા “આવકવેરા દિવસ” નિમિત્તે રાજ્યના અગ્રણી કરદાતાઓનું સન્માન કર્યું. અમદાવાદ ખાતે આવકવેરા વિભાગ દ્વારા યોજાયેલા કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી કર્મયોગીઓને વિકાસના વિશ્વકર્મા અને દેશની આર્થિક સક્ષમતાના પ્રહરી ગણાવ્યા હતા.

શ્રી પટેલે કહ્યું કે, કરદાતાઓની મૂડીનો જનકલ્યાણની યોજનાઓમાં સુયોગ્ય રીતે ઉપયોગ થઈ રહ્યો છે. મુખ્યમંત્રીએ ડિજિટલ સેવાઓથી આવકવેરા સુવિધામાં આવેલી પારદર્શિતા અને પ્રામાણિકતા અંગે પણ વાત કરી હતી. કેન્દ્રીય અંદાજપત્ર 2024-25માં કરવેરાને સરળ બનાવવા તથા કરદાતાઓની સેવા-સુવિધામાં સુધારો કરવાના કેન્દ્ર સરકારના પ્રયાસોની પણ તેમને પ્રસંશા કરી.

મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે ગયા નાણાકીય વર્ષ દરમિયાન ગુજરાતમાં 64 હજાર કરોડ રૂપિયાના કરવેરા મળ્યા છે, જે ખૂબ જ મહત્વનું યોગદાન છે, અને ગુજરાતનો ફાળો લગભગ 33.49 ટકા રહ્યો છે.

-----------------------

## ASHWINI VAISHNAV ON GUJARAT BUDGET

રેલવે મંત્રાલય દ્વારા રાજ્યનાં 87 સ્ટેશનનો અમૃત સ્ટેશન તરીકે વિકાસ કરાશે. રેલવે ક્ષેત્રમાં ગુજરાતને આપવામાં આવેલી સુવિધા અંગે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી વાત કરતાં કહ્યું કે, રાજ્યમાં નવા 224 રેલવે ટ્રેક આ બજેટ અંતર્ગત બનાવવામાં આવશે.

શ્રી વૈષ્ણવે કહ્યું, અમદાવાદ—મુંબઈ બુલેટ ટ્રેનનો 508 કિલોમીટરનો પ્લાન છે. આ કામ ખૂબ જ પ્રગતિમાં ચાલી રહ્યું છે. હાલમાં અમદાવાદના સાબરમતીમાં આ પ્રૉજેક્ટ પૂર્ણ થયો છે. આ અંગે અમદાવાદ રેલવે મંડળના ડીઆરએમ દયાનંદ સાહુએ વધુ વિગતો આપી.....

(બાઇટ- દયાનંદ સાહુ)

------------------------

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 28મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે. 28મી

જુલાઇએ પ્રસારિત થનારો આ 112મો એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો આગામી શુક્રવાર 26 તારીખ સુધીમાં મોકલવાના રહેશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેક યુવાનોને MyGov ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે.

મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરાશે. આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

------------------

## RAJYAPAL PRAKRUTIK KHETI

રાજ્યમાં એક વર્ષમાં વધુ 10 લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવાનો સંકલ્પ છે. પ્રાકૃતિક ખેતી માટે કાર્યરત્ ઉચ્ચ અધિકારીઓ અને સંયોજકોની સમીક્ષા બેઠકમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આમ જણાવ્યું હતું. શ્રી દેવવ્રતે જણાવ્યું કે, હાલમાં રાજ્યમાં 9 લાખ 35 હજાર ખેડૂત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું, કેન્દ્ર સરકારના લક્ષ્યાંકને પાર પાડવા આપણે ગુજરાતમાં દસ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવાના છે. ખેતીમાં ખંતથી કામ કરતી મહિલાઓને પ્રાકૃતિક કૃષિ સખી તરીકે તૈયાર કરવા 5 દિવસની તાલીમ આપવામાં આવે છે. તેમ જ પ્રત્યેક ગામમાં એક ખેડૂત પ્રાકૃતિક ખેતીનું 'મોડેલ ફાર્મ' તૈયાર કરે એ દિશામાં યુદ્ધસ્તરે કામગીરી હાથ ધરાઈ છે.

-----------------

# NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળનાં કેમ્પસમાં "વ્યક્તિત્વ વિકાસ તાલીમ શિબિર"નું આયોજન કરાયું.
- સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ યોજાઇ. જેમાં બાગાયત ખાતાની સહાયલક્ષી યોજનાઓ, બાગાયતી પાકો વિશેની માહિતી આપવામાં આવી.
- મહીસાગર જિલ્લાના લુણાવાડામાં વધતા ગેરકાયદેસર દબાણ દૂર કરવા જિલ્લા અધિક કલેક્ટરના આદેશ.
- સિલ્વાસામાં નિવાસી સુવિધા સાથે સ્પોર્ટ્સ ઈન્ડિયા સ્ટેટ સેન્ટર ઓફ એક્સેલન્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

---